# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
**CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;**
**Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com**


નિગમીત કચેરી, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪ માટે એક ટેકસી પાસીંગ ડીઝલ (એ.સી.) સ્વીફટ ડીઝાયર કાર અથવા સમકક્ષ કાર ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે ટેન્ડર ખુલ્યા તારીખ થી ૦૨ (બે) વર્ષથી જુનું ન હોય તેવું ૦૧ (એક) વાહન ભાડે રાખવા માટે સબંધિત ઠેકેદારો પાસે થી સીલબંધ કરવામાં અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે.

## ટેન્ડર અંગેની માહિતી

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ટેન્ડરની અંદાજીત રકમ | ₹ ૪,૪૨,૦૦૦=૦૦/- |
| ૨ | ટેન્ડરનો સમયગાળો | ૦૧ (એક) વર્ષ |
| ૩ | ટેન્ડર ફી ની રકમ ( પરત ન મળવા પાત્ર ) | ₹ ૧,૦૦૦=૦૦/- |
| ૪ | ટેન્ડરના બાનાની રકમ ( **E.M.D.** ) | ₹ ૪,૪૨૦=૦૦/- |
| ૫ | ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૪-૧૦-૨૦૧૭, ૧૮:૧૦ કલાક સુધી |
| ૬ | ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ ( **E.M.D.** ) માત્ર બેન્કનાં ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા સહીત ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૭-૧૦-૨૦૧૭, ૧૮:૧૦ કલાક સુધી |
| ૭ | ટેન્ડર ખોલવાની તારીખ અને સમય (જો શકય હશે તો) | તા. ૩૦-૧૦-૨૦૧૭, ૧૬:૩૦ કલાકે |
| ૮ | ટેન્ડરની સિક્યુરીટી ડીપોઝીટની રકમ ( ટેન્ડર મંજુર થયેલ માટે ) | ₹ ૨૨,૧૦૦=૦૦/- (૦૫=૦૦% રકમ) |

- ટેન્ડર ફીની રકમ અને બાનાની રકમ ( **E.M.D.** ) બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ ના તરફેણમાં મોકલવાના રહેશે.
- ટેન્ડર માત્ર **R.P.AD. Post** અથવા **Speed Post** થી મોકલવાના રહેશે. અન્ય રીતથી મોકલેલ ટેન્ડર રદ થવા પાત્ર છે.
- ટેન્ડર કવર ઉપર ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવવાનું ફરજીયાત છે. ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવ્યા વગરના ટેન્ડર રદ થવા પાત્ર છે.
- શેડયુલ – 'એ' તથા શેડયુલ – 'બી' મુજબની અધુરી વિગત સાથેનું ટેન્ડર, ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ ( **E.M.D.** ) ડીમાંડ ડ્રાફટ વગરનું ટેન્ડર રદ થવા પાત્ર છે.
- ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ અને સમય પછીના મળેલ ટેન્ડર રદ થવા પાત્ર છે. ટેન્ડર ફીની રકમ પરત મળવા પાત્ર નથી ( **Non Refundable** ).

- મંજુર થયેલને ટેન્ડર માટે ₹ ૨૨,૧૦૦=૦૦/- ( ૦૫=૦૦% રકમ ) ડીપોઝીટ રકમ તરીકે પીજીવીસીએલ, નિગમિત કચેરી, રાજકોટ ની કેશ બારીએ માત્ર બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ થી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ ના તરફેણમાં ઓર્ડર મળ્યા પહેલા ભરવાના રહેશે.
- ટેન્ડર અંગેની માહિતીમાં જણાવેલ તારીખ સુધીમાં આવેલ ટેન્ડરો દર્શાવેલ તારીખે ખોલવામાં આવશે.
- ટેન્ડરની વેલીડીટીની મુદ્દત ૯૦ દિવસની રહેશે.
- પીજીવીસીએલ કોઇપણ કે બધા ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની અબાધિત સત્તા રાખે છે.
- ન્યાયક્ષેત્ર રાજકોટ ખાતે રહેશે.

## ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચના

ટેન્ડર નીચે મુજબની સુચના ભરી મોકલવું.

- પીજીવીસીએલની વેબ સાઈટ ( **www.pgvcl.com** ) પરથી ડાઉન લોડ કરવાનું રહેશે. ટેન્ડર ૦૩ ભાગમાં વહેંચાયેલ છે. ભાગ - ૦૧ : ટેન્ડર મેળવવા માટેની અરજી (શેડયુલ – 'એ') ભાગ - ૦૨ : ભાવ પત્રક (શેડયુલ – 'બી') અને ભાગ - ૦૩ : કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – – 'સી' )
- ભાગ - ૦૧ : ટેન્ડર મેળવવા માટેની અરજી ( શેડયુલ – 'એ' ) અને ભાગ - ૦૨ : ભાવ પત્રક ( શેડયુલ – 'બી' ) કવરમાં સીલ બંધ પેક કરી, અત્રેની કચેરીને રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ થી પહોંચાડવાનું રહેશે.
- ભાગ - ૦૩ : કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – – 'સી' )માં ટેન્ડરની શરતો દર્શાવેલ છે.
  - સિલ બંધ કવર ઉપર "ટેન્ડર નંબર .૮૪. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, નિગમીત કચેરી, રાજકોટ માટે વાહન ભાડે રાખવા માટેનું ટેન્ડર" લખી નીચેના સરનામે ટેન્ડરમા જણાવેલ તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

વિશેષ મુખ્ય ઇજેનરશ્રી (ટેક),
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪.

## *ટેન્ડર મેળવવા માટેની અરજી ( શેડયુલ – 'એ' )*

નામ ......................................................

સરનામુ ....................................................

....................................................

....................................................

પીન કોડ ..................................................

મો ....................................................

તા ....................................................

પ્રતિશ્રી,
વિશેષ મુખ્ય ઇજનેરશ્રી (ટેક),
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન",
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર,
રાજકોટ – ૩૬૦ ૦૦૪.

વિષય : ૨૪ કલાક માટે સ્વીફ્ટ ડીઝાયર કાર અથવા સમકક્ષ ડીઝલ (એ.સી.) ભાડાની ગાડી નુ ટેન્ડર નં ...૮૪... સ્વીકારવા બાબત.

જય ભારત સાથ જણાવવાનુકે ઉપરોકત સરનામે રહુ છુ. અને આપની કચેરી દ્વારા માંગવામાં આવેલ ગાડી ભાડે આપવા માંગુ છુ. આ સાથે નીચે મુજબના દસ્તાવેજો બીડેલ છે.

--- ટેન્ડર ભરનારના નામનાં ટેક્ષી પાસીંગ વાહનની આર.સી. બુકની નકલ, વીમોની નકલ, PUC અથવા નવા વાહન ખરીદવાનું કોટેશન.

--- ટેન્ડર ફી ભર્યા નો ડીમાન્ડ ડ્રાફ્ટ : બેંક ............................... ડ્રાફ્ટ નંબર .......................... તા ....................

--- ઈ.એમ.ડી. ભર્યા નો ડીમાન્ડ ડ્રાફ્ટ : બેંક ............................. ડ્રાફ્ટ નંબર .......................... તા ...................

આ ઉપરાંત અમો બાહેંધરી આપીએ છીએ કે અમો જીયુવીએનએલ અને તેની કોઈપણ પેટા કંપની દ્વારા સ્ટોપ ડીલ/ બ્લેક લીસ્ટ થયેલ નથી. ટેન્ડર મંજુર થશે તો દિન-૩૦માં ટેન્ડરની શરતોને આધીન ભાડાની ગાડી આપવાની બાહેધરી આપુ છુ, જો એમ કરવામાં નિષ્ફળ જાવ તો મારી **EMD**ની રકમ જપ્ત કરી શકાય તે બાબતની ખાતરી આપુ છુ. ટેન્ડરની કોમર્શીયલ ટર્મ & કંડીશન (શેડયુલ – 'સી') ની શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે.

ઉપરોકત બાબતો ધ્યાને લઇ મારું ટેન્ડર સ્વીકારવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

.............................................

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com


## નિગમીત કચેરી, રાજકોટ માટે ૨૪ કલાક માટે એક ડીઝલ (એ.સી.) સ્વીફટ ડીઝાયર કાર અથવા સમકક્ષ કાર ભાડે રાખવા બાબત

## નિવેદા નંબર : ૮૪

## ભાવ પત્રક : શેડયુલ – 'બી'

| ક્રમાંક | કામની વિગત | કંપનીનો માન્ય ભાવ પ્રતિ એક ગાડી માટે રૂ. = પૈસા | ટેન્ડર ભરનારનો ભાવ |
|---|---|---|---|
| (૧) | રાજકોટ શહેરમાં અથવા ગુજરાત રાજયમાં ગમે ત્યાં જરૂરીયાત મુજબ જવા માટેની મુસાફરીનું ઓછામાં ઓછુ માસીક ભાડુ ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાનુ એક માસનું ભાડુ | ૨૮૪૬૫=૦૦ | |
| (૨) | - ઉપર મુજબ - ઓછામાં ઓછુ માસીક ભાડુ ૩૦૦૦ કિલોમીટરથી વધારેની મુસાફરી માટેનુ કિલોમીટર દીઠ ભાડુ | ૦૬=૨૫ | |

નોંધ : (૧) ક્રમાંક નંબર ૦૧ નો ભાવ લોવેસ્ટ બીડર તરીકે ગણવામાં આવશે.
(૨) શરતી ભાવ સ્વીકાર્ય નથી.
(૩) ઓર્ડરની સમયમર્યાદા ૧૨ (બાર) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

--------------------------------
વાહન ભાડે આપનારની સહી
અને પુરૂ નામ લખવાનુ રહેશે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

# નિવેદા નંબર : ૮૪ કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – 'સી' )

નિગમીત કચેરી, રાજકોટ માટે ૨૪ કલાક માટે એક ડીઝલ (એ.સી.) સ્વીફ્ટ ડીઝાયર કાર અથવા સમકક્ષ કાર ભાડે રાખવા બાબત

૧. ભાડે આપેલ વાહનનું આર.ટી.ઓ.માં ટેક્ષી પાસીંગ તરીકે પબ્લીક વપરાશ માટે ટેક્ષી કવોટામાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જરૂરી છે. એ સીવાયનુ કોઇપણ પાસીંગ માન્ય નહી ગણાય. આ બધા ઓરીજીનલ દસ્તાવેજો વાહનની સાથે રાખવાના રહેશે. જે વાહનના ભાવ તથા પેપર્સ આપેલા હશે તેજ વાહન આપવાનુ રહેશે.

૨. વાહનનો વીમો, પોલ્યુશન કંટ્રોલ સર્ટીફીકેટ, આર.ટી.ઓ., ટેક્ષી પાસીંગ, પીયુસી, પ્રોવીડન્ડ ફંડની નકલ, સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન, લાયસન્સ અંગેની તેમજ તમામ પ્રકારની સરકારી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની એટલે કે વાહન ભાડે આપનારની રહેશે. તેની ખરી નકલ ભાવ સાથે રાખવી.

૩. વાહનમાં આર.ટી.ઓ. પાસીંગ પ્રમાણેની સીટીંગ કેપેસીટીનો વાહનમાં બેસનારનો સંપૂણપણે વિમો કવર થાય તે મુજબ "કોમ્પ્રેહેન્સીવ" વિમાની પોલીસી લેવાની રહેશે. તેની પ્રમાણીત કોપી એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાની રહેશે. પોલીસીની મુદત કોન્ટ્રાકટ સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનારની રહેશે. જેની નકલ તુરતજ રજુ કરવાની રહેશે.

૪. વાહન સંપૂર્ણ પણે ચાલુ સ્થિતીમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનુ રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઇટમ જેમકે સ્પેર વ્હીલ, જેક, વી-બેલ્ટ, ફયુઝ વિગેરે રાખવાના રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦૦.૦૦ ની પેનેલ્ટી પેટે દર વખતે ચુકવવાના રહેશે. મહિનામાં ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૫. ઉપરોકત વાહનનો ઉપયોગ ઓફીસરની સુચના પ્રમાણે કરવાનો રહેશે. ડ્રાઇવરે દરેક વ્યકિત સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે. ગેરવર્તુણંકનો રીપોર્ટ થયેથી તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૬. સામાન્ય રીતે કામગીરીનો સમય ચોવીસ કલાકનો જરૂરીયાત પ્રમાણે રહેશે. આ અંગે નીયમ અનુસાર (કામના કલાકો અનુલક્ષીને) વાહન માટે જરૂરીયાત મુજબના ડ્રાઇવરની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેની પાસે જરૂરી લાયસન્સ બેઇઝ ધરાવતા હોવા જોઇએ.

૭. કામગીરી સમગ્ર ગુજરાતમાં જયાં જણાવે તે પ્રમાણે કરવાની રહેશે.

૮. બહારગામ વિઝીટ દરમીયાન અધિકારીની સુચના પ્રમાણે જે તે સમયે અને સ્થળે હાજર થવાનુ રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦.૦૦ પ્રતિ મોળા પડેલ મીનીટ (ન્યનત્તમ રૂ. ૧૦૦.૦૦ અને મહત્તમ રૂ ૫૦૦.૦૦) ની પેનેલ્ટી પેટે દર વખતે ચુકવવાના રહેશે. મહિનામાં ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે ઓર્ડર તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

૯. બહારગામ વિઝીટ દરમ્યાન અચાનક વાહન બગડે તો કોંન્ટ્રાકટરે પોતાના ખર્ચે જે તે જગ્યાએ નવા વાહનની તાત્કાલીક વ્યવસ્થા કરી આપવાની રહેશે અને તે માટેની સુચના ડ્રાઈવરને આપવાની રહેશે.અને તે વાહન ટેક્ષી પાસીંગ ધરાવતું હોવું જોઈએ તેમજ જરૂરી વિમો, પોલ્યુશન સર્ટીફીકેટ ધરાવતું હોવું જોઈએ અને આ બાબતની સંપુર્ણ જવાબદારી વાહન ભાડે આપનારની જ રહેશે.

૧૦. સંજોગોવશાત તમો કોઈપણ દિવસ માટે વાહન આપવામાં નિષ્ફળ જશો તો તે દિવસે તમારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્યથા તમારા ખર્ચે અને જોખમે બજાર ભાવે વાહન ભાડે કરવામાં આવશે. અને જે ખર્ચ તમારા ખાતે લગાડવામાં આવશે.

૧૧.વાહન ચલાવનાર ડ્રાઈવર જાહેર વાહનને લગતુ પાકું લાયસન્સ તથા વેલીડ બેઈઝ ધરાવતો હોવો જોઈએ. જેની પ્રમાણીત નકલ અત્રેની ઓફીસે રજુ કરવાની રહેશે. અને વાહન ચલાવવાનું લાઈસન્સ અને બેઇઝ ટાઈમ લીમીટમાં રીન્યુ કરાવેલ હોવું જોઈએ એટલે કે કોંન્ટ્રાકટ સમય દરમ્યાન તે વેલીડ હોવું જોઈએ. અન્યથા કોઈપણ પ્રકારની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનાર ની રહેશે.

૧૨.તેમજ વાહનના પેટ્રોલ/બળતણ/લુબ્રીકન્ટસનો ખર્ચ અને તમામ પ્રકારનાં રીપેરીંગનો ખર્ચ કોંન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. ઓર્ડરમાં શેડયુઅલ- 'એ' માં દર્શાવેલ ચુકવણાથી વધારાનું કોઈ ચુકવણું કરવા પાત્ર રહેતું નથી.

૧૩. વાહનના ડ્રાઈવરનો પગાર ખર્ચ, ભથ્થું તેમજ મોબાઇલ તમામ ખર્ચ કોન્ટ્રાકટરે જ ભોગવવાનો રહેશે. સીયુજી મોબાઇલ રાખવાનો ઇચ્છનીય રહેશે અને તે સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે. ડ્રાઇવરની ઉંમર ૪૦ વર્ષથી નીચી ઇચ્છનીય પરંતુ ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. ડ્રાઇવરે કોઇપણ જાતનો કેફી પદાર્થ નું સેવન કરવાનું નથી તેમજ સાથે રાખવાનાં નથી.

૧૪.મુસાફરી દરમ્યાન વાહનને કે તેમાં બેઠેલા પીજીવીસીએલનાં સ્ટાફને કે ત્રાહિતહિતને નુકશાનકર્તા કોઈપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થીક અને કાયદાકીય જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે, જે બદલ કોંન્ટ્રાકટરે ઈન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે અને જરૂરી વિમો લેવાનો રહેશે.

૧૫.કોંન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજેરોજ લખવાની રહેશે તથા જે તે અધિકારીની મુસાફરી માટે તેમાં કિલોમીટર રીડીંગ સાથે અધિકારીની સહી લેવાની જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે અને તેની ચાર નકલ દર માસે બિલ સાથે રજુ કરવાની રહેશે.

૧૬.વાહનની કિલોમીટર ચેઈન જે દિવસે બંધ હશે તેને તાત્કાલીક રીપેર કરી ચાલુ કરવાની રહેશે. અન્યથા અધિકારીના સર્ટીફીકેટ મુજબના કિલોમીટર માન્ય રહેશે.

૧૭.પ્રીન્ટેડ બીલ દર મહીને ત્રણ નકલમાં એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાનું રહેશે, પેમેન્ટ દર મહીને એકાઉન્ટ પેયી ચેકથી જ એડવાન્સ રસીદની સામે કરવામાં આવશે.

૧૮.ઓર્ડરની સમયમર્યાદા ૧૨(બાર) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

૧૯.પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. દ્વારા ગમે ત્યારે નોટીસ આપ્યા સીવાય ઓર્ડર રદ કરવામાં આવશે જેનાં માટે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહીં.

૨૦.કોન્ટ્રાકટરે તેનો પી.એફ.નંબર આપવાનો રહેશે અથવા રૂ. ૧૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર કુલમુખત્યારનામું સરકારના માન્ય નોટરી દ્વારા રજુ કરવાનું રહશે.

૨૧.ટોલ ટેક્ષ પહોંચ રજુ કર્યે અલગથી ચુકવવામાં આવશે. ટોલ ટેક્ષની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવ્ડ કરાવવાનું રહેશે અને તેના નાંણા જે તે મહીનાના બીલ સાથે ઓરીજીનલ પહોંચ રજુ કરી માંગણી કરવાની રહેશે જે બીલ સાથે ચુકવી આપવામાં આવશે.

૨૨.ધારાધોરણ મુજબ જો લાગુ પડતો હોય તો ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે તેમજ ટેક્ષ નોંધણીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જો આ ટેક્ષ અલગથી દર્શાવેલ નહી હોય તો ભરવાપાત્ર થતો નથી તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે. સરકારી પ્રવર્તમાન અથવા ભવિષ્યમાં લાગુ પડતા તમામ ટેક્ષ/વેરાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૩.કોઇપણ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૨૪.ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

૨૫. ઇંધણ નો ભાવ વધારો/ઘટાડો ઓર્ડરની તારીખ પછી જે સરકારશ્રી તરફથી કરવામાં આવશે તે મુજબ થયેલ વધારા/ઘટાડાના પુરાવા રજુ કર્યેથી ઇંધણના ભાવમાં પ્રત્યેક ૧૦ પૈસા નાં વધારા/ઘટાડા સામે ૧ પૈસા પ્રતિ કિલોમીટર ભાવ વધારો/ઘટાડો ચુકવામાં આવશે.

૨૬. જે વાહન આપના તરફથી આપવામાં આવે તે વાહનની પ્રાદેશીક વાહન અધિકારીની કચેરી ની પ્રથમ નોંધણીની તારીખ, ટેન્ડર ખોલવાની તારીખ થી બે વર્ષ થી જુની ન હોવી જોઇએ.

૨૭.જરૂર જણાય એજન્સીની સંમતિથી (મૂળ વર્ક ઓર્ડરના ભાવ અને શરતો ને આધીન) વર્ક ઓર્ડર વધુ વર્ષો સુધી લંબાવવામાં આવશે, અથવા વર્ક ઓર્ડરની બાકીની રકમ પૂરતી વધારાની સમય મર્યાદા આપવામાં આવશે.

૨૮.જરૂર જણાયે આ જ દરે વધુ વ્હીકલ એજન્સીએ મોકલવાનું રહેશે.

૨૯.ભાડાનું વાહન “પુલ સીસ્ટમ” માં વિશેષ મુખ્ય ઇજનેર (ટેક) અથવા સક્ષમ અધિકારી દ્વારા ફાળવેલ અધિકારી હેઠળ રહેશે અને તેઓની સુચનાને જ અનુસરવાનું રહેશે.

૩૦.દરરોજના રીડીંગ કાર્યપાલક ઇજનેર (ગર્વ.રેફ.સેલ) ને સંપૂર્ણ વિગત સાથે રૂબરૂ આપવાના રહેશે.

૩૧.કોઇપણ મુસાફરીની શરુઆત (કિલોમીટર) કોર્પોરેટ ઓફીસથી અને મુસાફરીનો અંત (કિલોમીટર) પણ કોર્પોરેટ ઓફીસ સુધી ગણાશે.

૩૨.ભાડાના વાહનમાં **GPS** સીસ્ટમ એજન્સીના ખર્ચે નાખવાની રહેશે. અને તેનો નિભાવણી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

વિશેષ મુખ્ય ઇજનેર(ટેક)
પીજીવીસીએલ, રાજકોટ